1. ભારતના વિદેશ વ્યાપારનો ઇતિહાસ ટૂંકમાં જણાવો.

- ભારતના વિદેશ વ્યાપારના ઇતિહાસની વિગતો નીચે પ્રમાણે છે : ભારતમાં પ્રાચીન કાળમાં લાંબા અંતર સુધી વસ્તુઓનું પરિવહન સલામત ન હતું. તેથી મહદ્ અંશે વ્યાપાર સ્થાનિક બજારો પૂરતી સીમિત હતો. લોકો ખોરાક અને વસ્ત્ર માટે મોટે ભાગે ખર્ચ કરતા હતી.
- આદિમ સમાજમાં વ્યાપારનું પ્રારંભિક સ્વરૂપ 'વિનિમય વ્યવસ હતી. જેમાં વસ્તુઓની પ્રત્યક્ષ આપલે કરવામાં આવતી હતી' આજે પણ ભારતમાં કેટલાક (આપલે) અંતરિયાળ વિસ્તાર જરૂરિયાત મુજબની વસ્તુઓની આપલે થાય છે. વૈશ્વિક વ્યાપારિક સંબંધો વિકસાવવામાં ભારતીયોનો મોટો ફાળો છે. ભારતમાંથી રેશમ, રેશમી કાપડ, લોખંડનો સામાન અને તેજાનાની અન્ય દેશોમાં નિકાસ થતી હતી.

2. નદી બંદરો વિશે નોંધ લખો.

- બારે માસ ભરપૂર પાણી, નદીનું ઊંડું પાત્ર, શાંત અને કળ દિશામાં વહેતી નદીના કિનારે જે બંદરો વિકસે છે, તેને નદીબંદરો કહે છે. નદીબંદરોની વિશેષતાઓ નીચે પ્રમાણે છે :
- આંતરિક પીઠ પ્રદેશોની જરૂરિયાતોની આયાત તેમજ ઉત્પાદનોની નિકાસ માટે નદીબંદરો ખૂબ જ ઉપયોગી છે. નદી પ્રવાહ સાથે તણાઈ આવતો કાંપ કે ભરતીના કારણે તણાઈ આવતા કાંપથી નદીનું તળ છીછરું બની જાય છે, ત્યારે નદી તળની. ઊંડાઈ જાળવી રાખવા વારંવાર ફ્રેજિંગ કરવું પડે છે.
- લંડન ટેમ્સ નદી પર અને હેમ્બર્ગ કેસર નદી પર આવેલાં નદીબંદરો છે.
- ભારતમાં હુગલી નદી પર આવેલું કોલકાતા નદીબંદર છે.
- નદીબંદરો આંતરિક જળમાર્ગ તરીકે ઉપયોગી છે.
- યુરોપનાં ઘણાં નદીબંદરો આંતરિક જળમાર્ગ તરીકે ચીજવસ્તુઓની હેરફેર તથા ઉતારુઓની હેરફેર માટે ઉપયોગી છે.

3. વિશિષ્ટ આર્થિક પ્રદેશ (Special Economical Zone) એટલે શું? (March 18, July 18)

- મુક્ત વ્યાપાર પ્રદેશને હવે વિશિષ્ટ આર્થિક પ્રદેશ (Special, Economical Zone) તરીકે ઓળખવામાં આવે છે. વિશિષ્ટ આર્થિક પ્રદેશ દ્વારા દેશના આંતરરાષ્ટ્રીય વ્યાપારનો વિકાસ થઈ શકે તે માટે સરકાર દ્વારા નીચે પ્રમાણેનાં પગલાં ભરવામાં આવે છે.
- ખાસ આર્થિક પ્રદેશો માટે જમીન પૂરી પાડવી. આ પ્રદેશ માટે કરનું માળખું સરળ અને હળવું કરવું. લાઇસન્સ પ્રથા રદ કરવી. વિદેશી રોકાણોને પ્રોત્સાહન આપવું. આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કદ અને ગુણવત્તા વધે એ માટે જરૂરી પાયાની સગવડો આપવી. ઉદ્યોગોના લક્ષ્યને પહોંચી વળવા કામદાર હિતના કાયદાઓમાં છૂટછાટ આપવી, ગુજરાતમાં કંડલા સ્પેશિયલ ઇકોનોમિકલ ઝોન છે. આ પ્રકારના પ્રદેશમાં ઔદ્યોગિક એકમો પર નિયંત્રણો લાદવામાં આવતાં નથી,

4. ફેરીબંદર એટલે શું?

- જ્યાં ગીચ વસ્તીના પ્રદેશો હોય અને ટાપુમય વિસ્તારો પર માનવવસ્તી હોય, તો નાની સ્ટીમર જેવાં સાધનો દ્વારા એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવાઆવવા માટે નાનાં બંદરો વિકસે છે. તેને ફેરીબંદર (Ferry Port) કહે છે, જાપાન, બ્રિટન અને યુરોપના અન્ય કેટલાક દેશોના કિનારા વચ્ચે આ પ્રકારનાં બંદરો છે.હારબીચ, ડોવર, ફિકસ્ટોન, ન્યૂ હેવન, લીહાર્વે વગેરે બંદરો આ પ્રકારનાં બંદરો છે. અગ્નિ એશિયાના ટાપુઓ તથા કેરેબિયન દ્વીપસમૂહો પણ ફેરીબંદરો છે. ગુજરાતના દહેજ બંદરેથી ઘોઘા બંદર વચ્ચે ફેરી સર્વિસની સુવિધા છે. ઓખા બંદર અને બેટ દ્વારકા વચ્ચે ફેરી સર્વિસ ચાલે છે.

5. ફેરીબંદર વિશે ટૂંક નોંધ લખો. (July 18)

- જ્યાં ગીચ વસ્તીના પ્રદેશો હોય અને ટાપુમય વિસ્તારો પર માનવવસ્તી હોય, તો નાની સ્ટીમર જેવાં સાધનો દ્વારા એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવાઆવવા માટે નાનાં બંદરો વિકસે છે. તેને ફેરીબંદર (Ferry Port) કહે છે, જાપાન, બ્રિટન અને યુરોપના અન્ય કેટલાક દેશોના કિનારા વચ્ચે આ પ્રકારનાં બંદરો છે.
- હારબીચ, ડોવર, ફિકસ્ટોન, ન્યૂ હેવન, લીહાર્વે વગેરે બંદરો આ પ્રકારનાં બંદરો છે. અગ્નિ એશિયાના ટાપુઓ તથા કેરેબિયન દ્વીપસમૂહો પણ ફેરીબંદરો છે.  ગુજરાતના દહેજ બંદરેથી ઘોઘા બંદર વચ્ચે ફેરી સર્વિસની સુવિધા છે. ઓખા બંદર અને બેટ દ્વારકા વચ્ચે ફેરી સર્વિસ ચાલે છે.